**કામીની દોષી**
**કાર્યપાલક ઈજનેર**

**સુરત મહાનગરપાલિકા**
**નોર્થ ઝોન (કતારગામ)**

**નં. એનઝેડ/આઉટ/ ૨૭૯૫**
**તારીખ : ૦૭/૦૬/૨૦૨૪**

**–: સંમતિ પત્ર :–**

**પ્રતિ,**
**ઈજારદારશ્રી**
.....................................
.....................................
.....................................
.....................................
..

**વિષય :–** નોર્થઝોન (કતારગામ) માં સમાવિષ્ટ ટી.પી. સ્કીમ નં. ૪૯(કતારગામ), ટી.પી. સ્કીમ નં. ૫૦(વેડ–કતારગામ), ટી.પી. સ્કીમ નં. ૫૧(ડભોલી), ટી.પી. સ્કીમ નં. ૫૨(વેડ), ડભોલી ગામતળ, નાની વેડ અને મોટી વેડ ગામતળ વિસ્તારમાં વાર્ષિક રેઈટ કોન્ટ્રાકટથી હયાત ફુટપાથ તથા સી.સી. કર્બ સ્ટોન તેમજ વોટર ટેબલને સેટ/રીસેટ અને રીપેરીંગ કરવા તેમજ જરૂરીયાત મુજબ નવી બનાવવાનું કામ.

**સંદર્ભ :–** (૧) સ્થાયી સમિતિ ઠરાવ નં. ૧૭૩૮/૨૦૨૩, તા.૦૨/૧૧/૨૦૨૩ થી મંજુર થયેલ યુનિટ રેઈટ.
(૨) મે. એડી. સીટી ઈજનેરશ્રી(સીવીલ)ની તા.૦૫/૦૬/૨૦૨૪ ની મંજુરી.

**મહાશય,**

ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, નવા પૂર્વ (સરથાણા) ઝોન–બી માં સમાવિષ્ટ પુણા સીમાડા–નાના વરાછા–સરથાણા વિસ્તારમાં વિવિધ ટી.પી. રસ્તાઓ પર તથા નવા સમાવિષ્ટ ગામોમાં વાર્ષિક રેઈટ કોન્ટ્રાકટથી હયાત ફુટપાથ તથા સી.સી. કર્બ સ્ટોન તેમજ વોટર રેબલને સેટ/રીસેટ અને રીપેરીંગ કરવા તેમજ જરૂરીયાત મુજબ નવા બનાવવાનું કામ અંદાજીત રકમ થી ૨૭.૮૭% નીચા ભાવોને આગામી ૦૧(એક) વર્ષ સુધી અથવા નવા યુનિટ રેઈટનું ટેન્ડર મંજુર ન થાય ત્યા સુધી યુનિટ રેઈટ તરીકે મંજુર કરવાનું હાલમાં જ સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના ઠરાવ નં.૧૭૩૮/૨૦૨૩, તા.૦૨/૧૧/૨૦૨૩ થી ઠરાવવામાં આવેલ હોય, સદર મંજુર થયેલ ટેન્ડર ના ભાવો અને શરતો મુજબ વિષયમાં દર્શાવેલ કામગીરી સંદર્ભ (૧) મુજબથી મંજુર થયેલ યુનિટ રેઈટ મુજબ અંદાજીત રકમ રૂા.૩૪,૬૫,૮૫૫.૧૪ પૈ. થી ૨૭.૮૭% નીચાં ભાવ મુજબ રૂા.૨૪,૯૯,૯૨૧.૧૪ પૈ. ની મયાર્દામાં કામગીરી કરાવવાનું કામ સંદર્ભ (૨) થી મંજુર કરવામાં આવેલ છે.

ઉપરોકત, નોર્થઝોન (કતારગામ) માં સમાવિષ્ટ ટી.પી. સ્કીમ નં. ૪૯(કતારગામ), ટી.પી. સ્કીમ નં. ૫૦(વેડ–કતારગામ), ટી.પી. સ્કીમ નં. ૫૧(ડભોલી), ટી.પી. સ્કીમ નં. ૫૨(વેડ), ડભોલી ગામતળ, નાની વેડ અને મોટી વેડ ગામતળ વિસ્તારમાં વાર્ષિક રેઈટ કોન્ટ્રાકટથી હયાત ફુટપાથ તથા સી.સી. કર્બ સ્ટોન તેમજ વોટર ટેબલને સેટ/રીસેટ અને રીપેરીંગ કરવા તેમજ જરૂરીયાત મુજબ નવી બનાવવાનું કામ રૂા.૨૪,૯૯,૯૨૧.૧૪ પૈ. ની મયાર્દામાં મંજુર થયેલ યુનિટ રેઈટના ભાવો અને શરતોને આધિન કામ કરવા સંમત હોય તો આપશ્રીની લેખિત સંમતિ બંધ કવરમાં તા.૧૮/૦૬/૨૦૨૪ સુધીમાં નોર્થઝોન(કતારગામ), સુરત મહાનગરપાલિકા ખાતે મોકલી આપવા વિનંતી. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઇ બંધ કવરો સ્વીકારવામાં આવશે નહી.

**–: શ ર તો :–**

૧. અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફ્ટ / પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા. ૩૦,૦૦૦/– ની આપવાની રહેશે.

૨. ઈજારદારે ‘ ઈ–૧ વર્ગ ’ રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૩. ઈજારદારે અંદાજીત રકમના ૨૦% એટલે કે રૂા. ૬,૦૦,૦૦૦/– કે તેથી વધુ રકમની વર્તમાન (ચાલુ) વર્ષની

રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંશી સર્ટીફિકેટ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૪. ઈજારદારે પૂર્ણ કરેલ કામના/ અનુભવના સર્ટીફિકેટ (Form 3A) ની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૫. ઈજારદારે છેલ્લા ૦૩(ત્રણ) વર્ષના આઈ. ટી. રીટર્નની નકલો સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૬. ઈજારદારે GST રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૭. ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનું રહેશે.

૮. ઈજારદાર શીડયુલ–બી માં જણાવેલ ભાવ અને ટેકનીકલ બીડની શરતો ને બંધનકર્તા રહેશે.

૯. કોઈપણ અથવા બધા જ સંમતિપત્રકો રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈપણ કારણો આપવામાં આવશે નહીં.

૧૦. તમામ પ્રકારના વેરા ઈજારદારે ભોગવવાના રહેશે.

૧૧. તમામ સરકારી / અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.

૧૨. સદર કામગીરી બાબતે અત્રેના રસ્તા વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.

૧૩. સદર કામગીરી ઉકત મંજુર થયેલ ટેન્ડરના Technical Specification મુજબ કરવાની રહેશે.

--S.D--
કાર્યપાલક ઈજનેર
નોર્થઝોન(કતારગામ)
સુરત મહાનગરપાલિકા

ગજેરા સ્કુલની પાછળ,રામજીકૃપા રો–હાઉસની બાજુમાં,સુરત. ટેલીફોન નં.૨૪૮૦૫૬૪
E-mail - exen.nz@suratmunicipal.org Mo.No.9724197897